પ્રાંતિજના પલ્લાચર ખાતે શાળામાં શૌચાલયની છત પડતાં બે વિદ્યાર્થીઓને ઈજા

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પલ્લાચર ખાતે આવેલ ધી આદર્શ વિધાલયના સૌચાલયની છત પડતા બે વિદ્યાર્થીઓને ઈજાઓ પહોચી હતી.

પ્રાંતિજના પલ્લાચર ખાતે આવેલ પ્રકાશ કેળવણી મંડળ સંચાલીત ધી આદર્શ વિધાલયમાં આવેલ શૌચાલયમાં રીશેષના સમયે બાળકો શૌચાલયમા ગયાં હતાં તે સમયે કોઈ કારણોસર દરવાજા ઉપર આવેલ છત પડતાં ધોરણ દસમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી રાવળ વિષ્ણુભાઈ સુરેશભાઈ ઉપર છત પડતા છત નીચે દટાતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા અચાનક બુમાબુમ થતાં ત્રણ વિદ્યાર્થી મિત્રો દ્વારા તેને બચાવવા જતાં ધોરણ નવના વિદ્યાર્થી રાઠોડ કિશનસિંહ અગુસિંહના પગ ઉપર છત પડતાં તેને પગે ઈજાઓ થતાં ફેકચર થયું હતું. છત નીચે દટાયેલ વિદ્યાર્થીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેને ૧૦૮ દ્વારા હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. હિંમતનગરથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો.

"બોલ મારી અંબે જય જય અંબે"ના નાદથી અરવલ્લી જિલ્લાની ગિરિમાળાઓ ગુંજી

શ્રાવણ માસના તહેવારોનો અંત અને પગપાળા યાત્રા કરવાનો મહિમા ધરાવતા ભાદરવા મહિનામાં રાજસ્થાનમાં આવેલા રામાપીર રામદેવજી મહારાજના જન્મસ્થળ રામદેવરા યાત્રા અને ભાદરવી પુનમમાં આદ્ય શક્તિ અંબેમાના દર્શન કરવા પગપાળા યાત્રા ખુબજ અનેરું મહત્વ ધરાવે છે. અરવલ્લી જિલ્લામાં મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી તરફથી આવતા પદયાત્રીઓનો અવિરત પ્રવાહ શરુ થતા જ જીલ્લાની ગિરિમાળાઓ ભક્તિના રંગે રંગાઈ હોય તેમ "બોલ મારી અંબે જય જય અંબે"ના નાદથી ગુંજી ઉઠી છે. મોડાસાના ઝાલોદર ગ્રામજનો દ્વારા મિત્ર મંડળ દ્વારા પદયાત્રીઓ માટે આલીશાન વિસામો બનાવી પૌષ્ટિક ભોજન, રહેવાની, નાહવાની ગરમ પાણી સહીત આરોગ્ય સુવિધા ઉભી કરવામાં આવી છે. શિણાવાડ પીએચસીના તબીબ હિતેશ પટેલ અને તેમની ટિમ દ્વારા તથા લખાભાઈ પટેલ, ભગાભાઈ પટેલ, સરપંચ નરેશ પંચાલ સહીત મિત્ર મંડળ અને ગ્રામલોકો ૨૪ કલાક ખડેપગે પદયાત્રીઓની સેવા કરી રહ્યા છે.

ઉનાવાના પોપન્ડા તળાવમાં ન્હાવા પડેલ યુવાન ડુબી ગયો

ઊંઝા, તા. ૧૮

ઊંઝા નજીકના ઉનાવા ગામે પોપન્ડા તળાવમાં ન્હાવા માટે ગયેલ મહારાષ્ટ્રના ગરીબ મુસ્લિમ પરિવારના માનસિક અસ્વસ્થ યુવકનું પાણીમાં ડુબી જવાથી કરૂણ મોત નિપજ્યું હતું.

મહારાષ્ટ્રના વર્ધા જિલ્લાના આર્ય ગામના એક મુસ્લિમ ગરીબ પરિવારનો યુવાન માનસિકરીતે અસ્વસ્થ હોઈ તેને લઈને પરિવારજનો ઉનાવા ખાતે મીરાંદાતારની દરગાહે આવ્યા હતા. દરમિયાન આ પરિવારના માતા પુત્ર સવારના સમયે ગામના પોપન્ડા તળાવમાં ન્હાવા માટે ગયા હતા. ત્યારે અચાનક માતા પુત્ર પાણીમાં ડૂબવા લાગ્યા હતા. જેથી એક વ્યક્તિએ તળાવમાં ઝંપલાવીને માતાને બચાવી લીધી હતી પરંતુ માનસિક અસ્વસ્થ યુવાન મહંમદ જાવેદ ઉ.વ. ૨૫ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા તાલુકા વહિવટીતંત્ર અને સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. બાદ મોડેથી મહેસાણા ફાયરબ્રિગેડની ટીમે તળાવમાં શોધખોળ કરી યુવાનના મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ ઘટનાથી લોકોમાં ભારે અરેરાટી પ્રસરી હતી. ઉનાવામાં પોલીસ સ્ટેશન હોવા છતાં અને પોલીસને સમયસર જાણ કરવા છતાં પોલીસ મોડેથી ઘટનાસ્થળે આવતા પ્રજામાં અસંતોષની લાગણી ફેલાઈ હતી.

તલોદ-ઉજેડીયા રોડ પર દાદાના વિસામાનો પ્રારંભ

જગત જનની મા જગદંબાની ભાદરવી પૂનમના મેળાનો આજથી પ્રારંભ થયો છે. સાત દિવસ ચાલનારા આ ભાદરવી પૂનમના મેળામાં અંબાજી દર્શનાર્થે જતાં પગપાળા સંઘોએ દૂર દૂરથી પ્રસ્થાન કરી દીધું છે. આ પદયાત્રાએ જતાં પદયાત્રીઓને આવકારવા, સેવા અર્થે તલોદ-ઉજેડીયા રોડ ઉપર વક્તાપુર પાસે ખેરોલ ગામનાં નાગર પરિવારના એન.એચ. રાવલ પરિવાર દ્વારા દાદાનો વિસામો કાર્યરત કરવામાં આવ્યો છે. ઉપરોક્ત દાદાના વિસામાં ઉપર અંબાજી દર્શનાર્થે જતાં પદયાત્રીઓ માટે ગરમાગરમ ચા-નાસ્તો, કઠોળ, જમવાની, શુવાની, આરામની સંપૂર્ણ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. જેનો માર્ગ ઉપરથી પસાર થતાં તમામ પદયાત્રીઓ હોંશે હોંશે મા જગદંબાના પ્રસાદનો લ્હાવો લઈ તૃપ્ત બની મા ના ગુળગાન ગાતા આગળ ધપી રહ્યા છે. ઉપરાંત પદયાત્રીઓ માટે તમામ પ્રકારની મેડીકલ દવાઓ મિનરલ ઠંડા પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીનું સરાહનીય પગલું

ડીસા, તા. ૧૮

વૈશ્વિક ફલક પર ફરી ભારતનું પ્રભુત્વ જમાવવામાં સફળ રહેલા ભારતના વર્તમાન સ્વપ્રદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે તેમની જીવનયાત્રાના ૬૮ વર્ષ પૂર્ણ કરી ૬૯માં વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે બનાસકાંઠાના રાજકીય અને સહકારી માળખાના જાણીતા અગ્રણી અને રાજ્યના પૂર્વ આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ડીસામાં આજે ગુજરાત સરકારના વેરહાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની અનેરી રીતે સાર્થક ઉજવણી કરાઈ હતી. આજે પ્રધાનમંત્રીના જન્મ દિવસ પ્રસંગે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ ડીસાના સફાઈ કામદારોને અંબે માંનો સુખડીનો પ્રસાદ, પૌષ્ટિક આહાર તરીકે કઠોળ તથા મહિલા સફાઈ કામદારોને સાડી અને પુરુષ સફાઈ કામદારોને શર્ટના કાપડનું વિતરણ કરી પ્રધાનમંત્રીના જન્મદિનની સાર્થક ઉજવણી કરી હતી. આજે દેશવાસીઓ દેશના લોકપ્રિય પ્રધાન મંત્રીના જન્મદિનની ઉજવણી કરી રહ્યા છે ત્યારે ડીસાના જાણીતા રાજકીય આગેવાન અને ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ આજે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની અલગ અંદાજમાં ઉજવણી કરી હતી. ભારતના પ્રધાનમંત્રી મોદીજી સ્વચ્છતાના આગ્રહી છે અને તેમણે સમગ્ર દેશમાં ઐતિહાસિક સફાઈ અભિયાન શરુ કરાવ્યું છે. ત્યારે સફાઈ અભિયાનની સફળતામાં મહત્વનો ફાળો આપતા સફાઈ કામદારો જ નગર કે ગામને સ્વચ્છ રાખતા હોઈ આજના દિવસે નગર અને ગામની સફાઈ કરતા વાલ્મીકી સમાજના શ્રમજીવી પરિવારોના સફાઈ કામદારોને તંદુરસ્ત આરોગ્ય માટે પૌષ્ટિક કઠોળ, માતાજીનો પ્રસાદ અને મહિલાઓ માટે સાડી તથા પુરુષો માટે શર્ટના કાપડનું વિતરણ કરી મોદીજીના જન્મોત્સવની અનોખી ઉજવણી કરી હતી.

સ્વચ્છ ભારત અભિયાનમાં મહત્વનું યોગદાન આપતા સફાઈ કામદારોનું આરોગ્ય જળવાય અને તેઓ તંદુરસ્ત રહે તે માટે પૌષ્ટિક કઠોળ, માતાજીના આશીર્વાદ સ્વરૂપે માં અંબાનો મહાપ્રસાદ અને મહિલાઓને સાડી તથા પુરુષોને શર્ટના કાપડનું વિતરણ કરી ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ સફાઈ કર્મીઓના દિલ જીતી લીધા હતા.

માલપુર ખાતે નગર કે રાજા ગણેશ મહોત્સવમાં છપ્પન ભોગ ધરાવાયો

માલપુર નગર ખાતે નગર કે રાજા ગણેશ મહોત્સવમાં ગણપતિદાદાને છપ્પન ભોગ ધરાવી ભક્તોના દર્શન માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. સમગ્ર ગામના નગરજનો છપ્પન ભોગ તેમજ ફૂલોના હિંડોળાના દર્શને પધાર્યા હતા અને ઉત્સાહભેર રાતે સ્કૂલના બાળકોની ડાન્સ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં દરેક બાળકોની મૌલિક પ્રતિમા નિખારવા માટેનું મંચ પૂરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર આયોજક કમિટીએ ગણેશ મહોત્સવમાં સાથ સહકાર આપનાર દરેક ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રાંતિજ તાલુકામાં ગણેશ મહોત્સવની થઈ રહેલી ધામધૂમથી ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં દર વરસની જેમ આ વર્ષે પણ વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિઓનું વિવિધ જગ્યાએ સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગણેશ મંડળો દ્વારા સવાર સાંજ દાદાની આરતી ઉતારી ભગવાનને ભાવતા ભોજન પીરસી ભગવાન ગણેશને રીઝવવામા આવે છે.

પ્રાંતિજ ખાતે દેવોનાદેવ મહાદેવના પુત્ર ગણેશની પ્રાંતિજ સહિત તાલુકામા ગણેશ ભકતો ગણેશ મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવી છે. પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તારમાં ટીંબા વાસ ખાતે જય શ્રી મહાકાલી યુવક મંડળ દ્વારા વિઘ્નહર્તાની સ્થાપના કરવામાં આવી છે. ભગવાન વિઘ્નહર્તાની સવાર સાંજ આરતી સહિતના કાર્યક્રમો યોજાય છે. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં દૂંદાળાદેવની વર્ષોથી સ્થાપના કરવામાં આવે છે અને સ્થાનિકો દ્વારા દાદાના પંડાલમાં ભજનકિર્તન કરે છે.

પ્રાંતિજ આટીયાવાસ ખાતે માધવબાગના રાજા તરીકે ઓળખાતા ભગવાન ગણેશની છેલ્લાં દસ વર્ષથી આટીયાવાસ ગણેશ યુવક મંડળ દ્વારા દાદાની સ્થાપના કરવામાં આવે છે અને યુવક મંડળ દ્વારા સવાર સાંજ દાદાની આરતી સહિત રાત્રીના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે.

ખેડબ્રહ્મા યુવા ગ્રુપનો સેવા કેમ્પ શરૂ

ખેડબ્રહ્મા ખાતે લક્ષ્મીપુરા ચાર રસ્તા ઉપર ખેડબ્રહ્મા યુવા ગ્રુપ દ્વારા અને ભારત વિકાશ પરીષદના સાથ સહકારથી મેડિકલ અને નાસ્તા માટેનો કેમ્પ જિલ્લા ડીએસપી ચૈતન્ય મંડલીક દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે યુવા ગ્રુપના બ્રિજેશ બારોટ, જીગ્નેશ રાવલ અને રમીલાબેન બારા, નગરપાલિકા પ્રમુખ ઝલક પટેલ અને સદસ્યો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખરીદીને મંજુરી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અપગ્રેડ કરવામાં આવેલી આકાશ વેપન સિસ્ટમ ઓપરેશનની દ્રષ્ટિએ ખુબ જ ગંભીર ટેકનોલોજી તરીકે છે. આનાથી ખુબ મહત્વપૂર્ણ સંપત્તિને રક્ષણ પુરુ પાડી શકાશે. ડિન્ડીવ્યુજલ અન્ડર વોટર બ્રેથિવ હેઠળ ટેંકના કર્મચારીઓ ખુબ જ કુશળતાપૂર્વક આગળ વધી શકે છે. આજે મંજુર કરવામાં આવેલી સોદાબાજી મેડ ઈન ઈન્ડિયા હેઠળ છે. ડીએસી દ્વારા ગાઈડેડ વેપન સિસ્ટમ માટે ટેસ્ટ સાધનોના ડેવલપમેન્ટ અને ડિઝાઈન માટે પણ મંજુરી આપવામાં આવી છે. ટી-૯૦ ટેંકના ગાઈડેડ વેપન સિસ્ટમ માટે ડિઝાઈનને મંજુરી આપવામાં આવી છે જેને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી. આ સાધન ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા તૈયાર કરવામાં આવશે. આજે રાફેલ વિમાન સોદાબાજીના મામલામાં પણ આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી રહ્યો હતો. આ સંદર્ભમાં સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામને કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ ડિલ યુપીએના ગાળા દરમિયાન થઈ ન હતી. આ ઉપરાંત યુપીએના ગાળા દરમિયાન એચએએલ અને ડિસોલ્ટની વચ્ચે પ્રોડક્શન ટર્મને લઈને સહમતિ પણ થઈ ન હતી. આવી સ્થિતિમાં એચએએલ અને રાફેલની સાથે કઈ રીતે કામ કરી શક્યા હોત.

ગેટવે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મડુઆડીહ ફલાયઓવરનું કામ પૂરું થઈ ચૂકયું છે. ગંગા નદી પર બનેલા ઘાટનું કામ પૂરું થવાથી રામનગર આવવા-જવાનું સરળ થઈ જશે. કેટલાંય દાયકાથી અંધારા પુલને પહોળો કરવાનું કામ અટકયું હતું. આ કામને પણ પૂરું કરાયું છે.

તેમણે જૂની સરકારો પર પ્રહારો કરતાં કહ્યું કે રિંગ રોડનું કામ ફાઈલોમાં દબાયેલું હતું. ૨૦૧૪મા આપણે શરૂ કર્યું પરંતુ યુપીમાં પહેલાં જ સરકારે પ્રોજેકટમાં ગતિ આવવા દીધી નથી. યોગી સરકારના આવ્યા બાદ ઝડપથી કામ પૂરા થયા. બિહાર નેપાળ ઝારખંડ મધ્યપ્રદેશ જનાર રસ્તાને પહોળા કરાઈ રહ્યાં છે. નેશનલ હાઈવે ૭ દ્વારા વારાણસીથી સુલતાનપુર, ગોરખપુર, હંડિયા રસ્તા સંપર્ક માર્ગ માટે ૧૦૦૦ કરોડ રૂપિયા નક્કી કરાયા. તેમણે કહ્યું કે પૂર્વ ભારતના ગેટવે તરીકે વારાણસીનો વિકાસ કરાઈ રહ્યો છે.

તમે ભલે મને પીએમ પદની જવાબદારી આપી હોય. પરંતુ હું એક સાંસદ હોવાના નાતે પણ તમારા કામના હિસાબ માટે જવાબદાર છું. આજે હું ચાર વર્ષમાં એક સાંસદ તરીકે શું કામ કર્યું, તેની એક નાનકડી ઝલક દેખાડી. હું માનું છું કે જનપ્રતિનિધિ હોવાના નાતે, તમારો સેવક હોવાના નાતે, તમે મારા માલિક છો, તમે મારા હાઈકમાન છો. આથી પાઈ-પાઈ, પળ-પળનો હિસાબ આપવો મારી જવાબદારી છે.

વારાણસીમાં થઈ રહેલા વિકાસના સાક્ષી અહીં એરપોર્ટ પર આવનાર લોકો પણ બની રહ્યા છે. વિમાનથી વારાણસી આવનારા લોકો અને ટુરિસ્ટોની સંખ્યા નિરંતર વધતી રહી છે.

આક્રોશ રેલી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હતી. કોંગ્રેસના ગુજરાત પ્રમુખ અમિત ચાવડા અને પ્રભારી રાજીવ સાતવ સહિત કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ખેડૂતોની દેવામાફી સહિતના મુદ્દાઓને લઈ આજે ગાંધીનગરમાં વિધાનસભા તરફ આગળ વધી તેને ઘેરવાનો પ્રયાસ કરી રહેલા કોંગ્રેસી કાર્યકરો અને ધારાસભ્યોની ટીંગાટોળી કરીને પોલીસે અટકાયત કરી હતી. વિધાનસભા જતાં અટકાવતાં એક તબક્કે પથ્થરમારો થયો હતો, જેને લઈ પોલીસને બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી. પથ્થરમારામાં એક પોલીસકર્મીને માથાંના ભાગે વાગતાં લોહીલુહાણ થયો હતો. પથ્થરમારામાં અન્ય કર્મીઓને પણ ઈજાઓ થઈ હતી. દરમ્યાન કોંગ્રેસના ગુજરાત પ્રમુખ અમિત ચાવડા અને પ્રભારી રાજીવ સાતવ સહિત કાર્યકરોની અટકાયત કરાઈ હતી. કોંગ્રેસે વિધાનસભાનો ખેડૂતો અને અન્ય મુદ્દાઓને લઈને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, સરકારના ઈશારે કોંગ્રેસનો આ પ્રયાસ બળપ્રયોગ કરીને પણ નિષ્ફળ બનાવ્યો હતો. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા અને પ્રદેશ પ્રભારી રાજીવ સાતવની આગેવાનીમાં કોંગી ધારાસભ્યો, ખેડૂતો અને કાર્યકરોએ વિધાનસભા તરફ સત્યાગ્રહ છાવણીથી માર્ચ કરી હતી. જો કે, સાંજે પોલીસે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના આગેવાનોને મુકત કર્યા હતા. ખેડૂતોના પ્રશ્ને આજે ગાંધીનગરમાં વિધાનસભા તરફ માર્ચ કરતાં કોંગ્રેસના કાર્યકરો, ખેડૂતો અને ધારાસભ્યો કરી રહ્યા હતા ત્યારે અચાનક પથ્થરમારો શરૂ થયો હતો. જેમાં કેટલાક પોલીસકર્મી અને માર્ચ કરનાર ઘવાયા હતા. વિધાનસભાને ઘેરવા જઈ રહેલા કોંગી કાર્યકરો સહિતનાઓની અટકાયત બાદ તેમને પોલીસ વાહનોમાં બેસાડવામાં આવ્યા હતા. કેટલાક કાર્યકરોને પોલીસવાનમાં બેસાડી અટકાયત કરાતાં કોંગી કાર્યકરોએ પોલીસ વાહનોના ટાયરની હવા કાઢી નાંખી હતી. વિધાનસભા તરફ માર્ચ કરી રહેલા કોંગી પ્રમુખ અમિત ચાવડાને પણ અગમ્ય કારણોસર હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા. તેમને કારમાં લઈ જવામાં આવ્યા હતા. ગુજરાત વિધાનસભાના બે દિવસના ટૂંકા ચોમાસું સત્રનો પ્રારંભ આજે મંગળવારથી થયો હતો. કોંગ્રેસે સત્રના પ્રથમ દિવસે જ ખેડૂત આક્રોશ રેલી તથા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. કોંગ્રેસના કાર્યક્રમને પગલે ગાંધીનગર સત્યાગ્રહ છાવણીથી લઈને વિધાનસભા- સચિવાલય સંકુલમાં કિલ્લેબંધી કરી દેવામાં આવી હતી. બીજી તરફ ખેડૂતોના પ્રશ્નો, મગફળી કૌભાંડ અને પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા મુદ્દે વિધાનસભા ગૃહમાં પણ સરકારને ઘેરવા માટે કોંગ્રેસે રણનીતિ તૈયાર કરી છે. સવારે ગાંધીનગર સેક્ટર-૬ ખાતેના મેદાન સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસનું ખેડૂત આક્રોશ સંમેલન યોજાયું હતું. ત્યારબાદ તેઓ રેલી સ્વરૂપે વિધાનસભાના ઘેરવા માટે આગળ વધ્યા હતાં. બીજીતરફ રેલીને આગળ વધતી અટકાવવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સત્યાગ્રહ છાવણીથી લઈને ગાંધીનગરના વિવિધ વિસ્તારો તેમજ વિધાનસભા- સચિવાલય સંકુલને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યાં હતાં. બીજી તરફ વિધાનસભાનું સત્ર મળ્યું હતું. જેમાં પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી ઉપરાંત અવસાન પામેલા વિધાનસભાના અન્ય ૯ જેટલા પૂર્વ સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી ત્યારબાદ ગૃહ મુલત્વી રાખવામાં આવ્યું હતું. જો કે, કોંગ્રેસના દેખાવો અને વિધાનસભા ઘેરાવના કાર્યક્રમોને લઈ સમગ્ર દિવસ દરમ્યાન ગાંધીનગરમાં ભારે ઉત્તેજના છવાયેલી રહી હતી, જેને લઈ રાજકારણ ગરમાયું હતું. કોંગી નેતાઓની સાથે આજે ખૂબ મોટી સંખ્યામાં કોંગી કાર્યકરોએ હાજરી આપી કાર્યક્રમને ઉગ્ર અને આક્રોશપૂર્ણ બનાવ્યો હતો.

કેસ દાખલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અન્ય આરોપી સચિન નારાયણ પણ છે. પોતાના આરોપપત્રમાં આવકવેરા વિભાગે આક્ષેપ કર્યો હતો કે, તમામ પાંચ આરોપીઓએ ટેક્સથી બચવા માટે જાણી જોઈને ખોટીરીતે આવકવેરા સ્ટેટમેન્ટ ફાઈલ કર્યા હતા. વિભાગે કહ્યું છે કે, ઓગસ્ટ મહિનામાં જ નવીદિલ્હી અને બેંગ્લોરમાં દરોડા દરમિયાન આશરે ૨૦ કરોડ રૂપિયાની ગેરકાયદે સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. શિવકુમાર સાથે સીધા સંબંધ આના રહેલા છે. કોંગ્રેસના સંકટ મોચક ગણાતા ડીકે શિવકુમારની સામે ઈડીએ મની લોન્ડરિંગ કેસ દાખલ કર્યો છે. આગામી દિવસોમાં શિવકુમારની તકલીફ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ માટે પણ મુશ્કેલી વધે તેવા એંધાણ છે.

કમ અગેઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિધાનસભાની તવારીખીમાં જોઈએ તો ગુજરાતમાં પહેલી, સાતમી, નવમી અને ૧૨ વિધાનસભામાં અવિશ્વાસના પ્રસ્તાવો સરકાર સામે આવ્યા નથી.

આજે કોંગ્રેસ દ્વારા રજુ થનાર અવિશ્વાસનો પ્રસ્તાવ ચર્ચામાં આવશે નહિ એ સ્વયં સ્પષ્ટ બાબત છે પરંતુ પાટનગરના રાજકીય ગલિયારીઓમાં થતી જ વાતો એ સંકેત આપી રહી છે કે સત્ર સમાપ્તી પછીના દસેક દિવસમાં ગુજરાતમાં રાજકીય ધડાકા ભડાકા ચોક્કસ થશે... અને એટલે જ સપ્ટેમ્બર કમ અગેઈન ઈન ગુજરાત પોલીટીક્સ...

ભાદરવો તપ્યો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મોસમે ગરમી પકડી છે. છેલ્લા બે દિવસથી ગરમીનો મિજાજ આકરો બન્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી નોંધાયુ હતુ. જયારે આજે પણ એક ડીગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રીએ પહોંચ્યુ હતુ ગરમીનો પારો ઉંચકાતા અચાનક જ વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધ્યુ હતુ. નગરજનોએ દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અનુભવ કર્યો હતો. સવારથી જ સુર્યના આકરા તાપના લીધે નગરજનોએ ગરમી અનુભવી હતી.જયારે બપોરના સમયે અંગ દઝાડતી ગરમી વચ્ચે નગરજનો શેકાયા હતા. ભાદરવામાં ભરપુર વરસાદની આશ વચ્ચે વહેલી સવારે અને મોડીરાત્રે ગુલાબી ઠંડક પ્રસરે છે. જયારે અચાનક જ ગરમી વધવાની સાથે ભાદરવો તપતા શેહરીજનો ગરમીથી ત્રસ્ત બન્યા છે. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪.૫ ડિગ્રી નોંધાયુ હતુ. ગરમીનો પારો ઉંચકાતા લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૧ ડિગ્રીનો તફાવત જોવા મળ્યો હતો.

રાજીનામુ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પાંચ સભ્યોએ તો સમિતિઓમાં સભ્ય તરીકે રહેવાનો ઈન્કાર કરી આગામી દિવસોમાં નવા જૂનીના રાજકીય સંકેતો આપ્યા હતા. સમિતિઓના ચેરમેનોની નિયુકતી વેળાએ પણ દહેગામના સભ્યો જે રીતે રિસાયા હતા તે વાત પણ અખબારોના પાને ચમકી ચુકી છે. આમ કોંગ્રેસમાં અસંતોષની આગ હવે વધુ ભભૂકી ઉઠી છે.

જો કે જિલ્લા કોંગ્રેસના આગેવાનો અતિવિશ્વાસમાં રાચી રહ્યા છે અને આજે સભ્યએ સભ્યપદેથી રાજીનામુ આપી દીધું છે. કોંગ્રેસની નેતાગીરી પણ ચોંકી ઉઠી છે અને હવે પ્રદેશ નેતાગીરી મામલો હાથમાં લે તેવું મનાઈ રહ્યું છે. આગામી દિવસમાં અસંતોષની આગ વધુ ભડકો બનીને બહાર ના આવે તે માટે 'ડેમેજ કંટ્રોલ'ની કાર્યવાહી પણ કોંગીના આગેવાનોએ ખાનગીમાં હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.